# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-07-2026 Day: Wednsday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## નમો સ્વચ્છતા અભિયાન અને અમૃતપાન અભિયાન: રાજ્ય-કચ્છ

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વચ્છતાને સહજ સ્વભાવ બનાવવા અનુરોધ કર્યો. આગામી સાત જુલાઈ સુધી યોજાનારા "નમો સ્વચ્છતા અભિયાન" અને અમૃતપાન અભિયાનનો ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ ખાતેથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા શ્રી પટેલે કહ્યું, આજથી શરૂ થયેલા આ અભિયાનને માત્ર સાત દિવસ પૂરતું રાખવાનું નથી. તેમણે આસપાસ ગંદકી ન થાય અને સ્વચ્છતા જળવાય તે માટે દરેક નાગરિકને જાગૃત થવા પણ અપીલ કરી.**

**આ અભિયાનના ભાગરૂપે કચ્છમાં પણ આજે ગાંધીધામ જનરલ હોસ્પિટલ ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મહાનગરપાલિકાના મેયર દિવ્યાબેન નાથાણી, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મિતેશ ભંડેરી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.**

**કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અધિકારીઓ અને તબીબી સ્ટાફે સ્વચ્છતાના શપથ લીધા હતા. ત્યારબાદ પદાધિકારીઓ અને અધિકારીઓએ હોસ્પિટલના વિવિધ વોર્ડ અને ઓપીડીની મુલાકાત લઈ સ્વચ્છતા તેમજ આરોગ્ય સેવાઓની સમીક્ષા કરી પરિસરમાં શ્રમદાન કર્યું હતું. રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે નિમિત્તે તબીબોનું બહુમાન પણ કરાયું હતું.**

**ઉલ્લેખનીય છે કે, આ અભિયાન હેઠળ રાજ્યની અંદાજે 12 હજાર જેટલી સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સામૂહિક સફાઈ હાથ ધરાશે. હૉસ્પિટલ પરિસર, અગાશી, ઇમારતની સફાઈ, બિનઉપયોગી સામાનનો નિકાલ, શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવું અને આગ લાગે તેવી ઘટનાઓ સામે સુરક્ષાની સઘન ચકાસણી જેવી પ્રવૃત્તિઓ કરાશે..**

**------------------------------------------------------------------------------------**

## પીએમ ગતશક્તિ યોજના: ઉમરગામથી નારાયણ સરોવર સુધી પ્રોજેક્ટ

**પીએમ ગતિશક્તિ યોજના હેઠળ દેશના સૌથી મોટા 1630 કિલોમીટરના કોસ્ટલ કોરિડોરના પ્રથમ તબક્કાનું નિર્માણકાર્ય પૂર્ણ થઈ ગયું છે.**

**વલસાડના ઉમરગામથી  નારાયણ સરોવર સુધીના આ પ્રોજેક્ટ માટે 2 હજાર 400 કરોડ રૂપિયા મંજૂર કરાયા છે. ત્યારે આગામી સમયમાં કચ્છમાં કોસ્ટલ કોરિડોરનું કામ વેગ પકડે તે પ્રકારનું આયોજન ઘડાઈ રહ્યું છે. તેની વહીવટી કામગીરી પણ આરંભી દેવામાં આવી છે..**

**-------------------------------------------------------------------------------------------**

## ગાંધીધામ-ભાગલપુર એક્સપ્રેસ ટ્રેન

**કચ્છથી બિહાર વચ્ચે મુસાફરી કરતા પ્રવાસીઓની સુવિધા માટે રેલવે તંત્ર દ્વારા ગાંધીધામ-ભાગલપુર એક્સપ્રેસ ટ્રેનના ફેરા આગામી એક મહિના સુધી લંબાવવાનો નિર્ણય લેવાયો છે.**

**જે અંતર્ગત ટ્રેન નંબર 09451 ગાંધીધામ-ભાગલપુર ૩ થી ૩૧ જુલાઈ સુધી અને ટ્રેન નંબર 09452 ભાગલપુર-ગાંધીધામ ૬ જુલાઈથી ૩ ઓગસ્ટ સુધી દોડશે. આ ટ્રેન બંને દિશામાં ભચાઉ, સામખિયાળી, અમદાવાદ, રતલામ, કોટા, મથુરા, કાનપુર, પ્રયાગરાજ, વારાણસી અને મુજફ્ફરપુર સહિતના પરિવર્તિત માર્ગો પરના સ્ટેશનોએ થોભશે.**

**-------------------------------------------------------------------------------------------**

## પૂર્વ કચ્છ પોલીસ દ્વારા માદક પદાર્થ વિરુધ્ધ કાર્યવાહી

**પૂર્વ કચ્છ પોલીસે માત્ર છ મહિનામાં માદક પદાર્થોની હેરાફેરી, વેચાણ અને સેવન કરનારા 72 આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. આ કાર્યવાહીમાં NDPSના કુલ 43 કેસ નોંધ્યા છે. જ્યારે ગત વર્ષે જિલ્લામાં અલગ અલગ પોલીસ સ્ટેશન અને શાખાઓ દ્વારા NDPS એક્ટ હેઠળ કુલ 36 કેસ નોંધાયા હતા, જેમાં 73 આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારે નાગરિકોને ગેરકાયદેસર પ્રવૃત્તિ અંગે માહિતી આપવા અપીલ કરી છે..**

---

## કચ્છ યુનિવર્સિટીની કોલેજોમાં વિદ્યાર્થીઓની નોંધણી

**કચ્છ યુનિવર્સિટી સંલગ્ન ૫૨ કોલેજોની ૧૨ હજાર ૫૦૦ સ્નાતક બેઠકો માટે જીકાસ પોર્ટલ પર ૧૦ હજાર ૬૦૦ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. ચાર પ્રવેશ રાઉન્ડના અંતે ૭ હજાર વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવતા ૬૬ ટકા બેઠકો ભરાઈ છે. ૬૦ ટકા થી વધુ ગુણ ધરાવતા મોટાભાગના વિદ્યાર્થીઓને પ્રવેશ મળી ગયો છે.  બીજી તરફ, પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રવેશ માટે આજથી ૩ જુલાઈ સુધી મોક રાઉન્ડ શરૂ કરાયો છે. ત્યારબાદ ૭ થી ૨૮ જુલાઈ દરમિયાન પ્રથમ પ્રવેશ રાઉન્ડ યોજાશે.**

---

## ડીઇઓ દ્વારા અબડાસાની શાળાઓની મુલાકાત

**જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા અને શિક્ષકોનો ઉત્સાહ વધારવા જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે અબડાસા તાલુકાની શાળાઓની આકસ્મિક મુલાકાત લીધી હતી. તેમણે નાંદ્રા, પેથાપર, નરેડી પ્રાથમિક શાળાઓ તેમજ કનકપર, કોઠારા અને જખૌની માધ્યમિક શાળાઓનું રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું.**

**મુલાકાત દરમિયાન વહીવટી સમીક્ષા ઉપરાંત, તેઓ પોતે વર્ગખંડમાં વિદ્યાર્થીઓ વચ્ચે બેસી ગયા હતા અને શિક્ષકની ભૂમિકા ભજવી પ્રશ્નોત્તરી દ્વારા બાળકોના જ્ઞાનનું મૂલ્યાંકન કર્યું હતું. જિલ્લા શિક્ષણ અધિકારીએએ જણાવ્યું કે છેવાડાના બાળક સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચાડવું અને રાષ્ટ્રનિર્માણ કરતા શિક્ષકોનો ઉત્સાહ વધારવો એ શિક્ષણ વિભાગની પ્રાથમિકતા છે. આવા પ્રવાસોથી શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં નવી ઊર્જાનો સંચાર થાય છે.**

---

## બાળ મજૂરો મુક્ત કરાવાયા

**૧૨મી જૂન "વિશ્વ બાળ મજૂરી નાબૂદી દિવસ" અંતર્ગત કચ્છ જિલ્લામાં શ્રમ વિભાગ અને ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ દ્વારા જૂન માસ દરમિયાન વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.**

**જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમોએ ૧૦ સ્થળોએ આકસ્મિક દરોડા પાડ્યા હતા..**

**---------------------------------------------------------------------------------------**

## હવામાન

**હવામાન વિભાગની આગાહી અનુસાર આજે અને આવતીકાલે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા સાથે 'રેડ એલર્ટ' જાહેર કરાયું છે. જ્યારે ભરૂચ, તાપી, અમરેલી અને ભાવનગર સહિતના જિલ્લાઓમાં 'ઓરેન્જ એલર્ટ' તેમજ રાજકોટ, જુનાગઢ અને વડોદરામાં 'યલો એલર્ટ' અપાયું છે. તે વચ્ચે આજે રાજ્યના 42 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં વાપીમાં સૌથી વધુ પોણા પાંચ ઇંચ વરસાદ ખાબક્યો હતો.**

**બીજી તરફ, જેઠ માસ અડધો વીતવા છતાં કચ્છ જિલ્લામાં હજુ સુધી ચોમાસાની પધરામણી થઈ નથી. અસહ્ય બફારા અને ઉકળાટથી બેહાલ બનેલા કચ્છવાસીઓ માટે હવામાન વિભાગે બીજી જુલાઇથી હળવા-મધ્યમ વરસાદની આગાહી કરી છે, જેથી લાંબા સમયથી મેઘરાજાની રાહ જોતા કચ્છવાસીઓમાં હવે ચોમાસું જામવાની નવી આશા બંધાઈ છે. ખરાબ હવામાનને પગલે માછીમારોને આગામી પાંચ દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.**

**---------------------------------------------------------------------------------------**